# હિંમતનગર નગરપાલિકા, તા.હિંમતનગર, જિ.સાબરકાંઠા

## ભરતી જાહેરાત

હિંમતનગર નગરપાલિકાના લઘુત્તમ મહેકમના માળખા મુજબ મહેકમનું માળખું મે.નિયામકશ્રી નગરપાલિકાઓની કચેરીના હુકમ ક્રમાંકઃનપાની/મહેકમ/હિંમતનગર/વશી/૧૫૩૧/૧૧ તા.૧૮/૧૦/૨૦૧૧ અન્વયે કુલ–૧૩૧ પૈકી ખાલી પડેલ જગ્યાઓ ભરવા માટે મે.પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરી,ગાંધીનગર ખાતેથી અલગ–અલગ સંવર્ગની વર્ગ–૩ ની અને વર્ગ–૪ની કુલ–૨૫ જગ્યાઓ ભરવા માટે મંજુરી આપેલ છે. આ જાહેરાત નગરપાલિકાના અબાધિત અધિકાર હેઠળ ભરતી–બઢતીના મંજુર થયેલ નિયમો મુજબ નીચે જણાવેલ જગ્યાઓની ભરતી માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

| અ. નં. | વિભાગનું નામ અને જગ્યાનું નામ | લઘુત્તમ શૈક્ષણિક લાયકાત | પગાર ધોરણ (પાંચ વર્ષ માટે ફીક્સ પગાર) | GEN. | SC | ST | | OBC | EWS | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ST | P/H | | | |
| ૧ | સામાન્ય વહીવટ શાખા | | | | | | | | | |
| | પ્રમુખશ્રીના મદદ.કલાર્ક, વર્ગ–૩ | ગ્રેજયુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ | 26000.00 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 1 |
| | રજીસ્ટ્રી કલાર્ક, વર્ગ–૩ | ગ્રેજયુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ | 26000.00 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 1 |
| ૨ | હિસાબી શાખા | | | | | | | | | |
| | કલાર્ક કમ કેશીયર વર્ગ–૩ | કોમર્સ ગ્રેજયુએટ (વાણિજય શાખા) તથા કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ. | 26000.00 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 1 |
| ૩ | વેરા શાખા | | | | | | | | | |
| | વ્ય.વેરા–શોપ ઈન્સ્પેકટર કમ કલાર્ક, વર્ગ–૩ | ગ્રેજયુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ | 26000.00 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 1 |
| ૪ | આરોગ્ય શાખા | | | | | | | | | |
| | સફાઈ કામદાર(સ્વીપર),વર્ગ–૪ | લખી વાંચી શકે તેવા. | 21100.00 | 7 | 1 | 2 | 0 | 5 | 2 | 17 |
| | કલીનર, વર્ગ–૪ | લખી વાંચી શકે તેવા. | 21100.00 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 1 |
| | મુકાદમ, વર્ગ–૪ | ધોરણ–૧૦ પાસ તથા ટુવ્હીલરના જાણકાર | 21100.00 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 1 |
| ૫ | ટેકનીકલ શાખા | | | | | | | | | |
| | સ્ટોર કીપર કમ કલાર્ક, વર્ગ–૩ | ગ્રેજયુએટ, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા (CCC) પાસ | 26000.00 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 1 |
| ૬ | પા.પુ. અને ગટર વ્યવસ્થા શાખા | | | | | | | | | |
| | મુકાદમ, વર્ગ–૪ | ધોરણ–૧૦ પાસ તથા ટુવ્હીલરના જાણકાર | 21100.00 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 1 |
| | | | કુલ | 12 | 1 | 3 | 0 | 7 | 2 | 25 |

**શરતો :–**

(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પરીપત્ર મુજબ સીધી ભરતીથી પાંચ વર્ષના સમયગાળા માટે ફિક્સ પગારના અજમાયશી તરીકે નિમણુંક આપવામાં આવશે.

(૨) સામાન્ય કેટેગરીના પુરુષ ઉમેદવારો માટે ૧૮ થી ૩૬ વર્ષ રહેશે. સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૧/૨૦૨૧/૪૫૦૭૦૦/ગ.૫. તા.૧૪/૧૦/૨૦૨૧ના ઠરાવ અન્વયે અનુ.જાતિ,અનુ.જનજાતિ,બક્ષીપંચના ઉમેદવારો,આર્થિક રીતે નબળા(SC/ST/OBC/EWS/WOMEN)વર્ગ,મહિલાને વયમર્યાદામાં મળવાપાત્ર છુટછાટ આપવામાં આવશે તેમજ સરકારશ્રીના વખતોવખતના ઠરાવ તથા નિયમો પ્રમાણે ઉંમરમાં છુટછાટ આપવામાં આવશે. ઉંમરની ગણતરી જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી પુર્ણ થાય ત્યાં સુધી ગણવાની રહેશે.

(૩) આ ભરતી સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃપવરા–૧૦૨૦૧૯–૨૨૩(૧)–૫–૪, તા.૨૬/૦૨/૨૦૨૦થી રોસ્ટર પોઈન્ટ મુજબ ભરવાની રહેશે.

(૪) અરજી કરનાર ઉમેદવારોએ સરકાર માન્ય કોમ્પ્યુટર સી.સી.સી.પરીક્ષા પાસ કરેલાનું પ્રમાણપત્ર અથવા આઈ.ટી.આઈ.માં પાસ કરેલ કોમ્પ્યુટરનું પ્રમાણપત્ર અરજી સાથે રજુ કરવાનું રહેશે. સી.સી.સી.પરીક્ષા પાસ ન કરેલ હોય તો નિમણુંક મળેથી છ માસમાં સી.સી.સી.પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૫) અનામત વર્ગના ઉમેદવારોએ જે તે સક્ષમ અધિકારીનુ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૬) શા.શૈ.પછાત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનું તેમજ સક્ષમ અધિકારીનું સરકારશ્રી ધ્વારા નિયત થયેલ ત્રણ વર્ષની સમય મર્યાદા મુજબનુ ક્રિમીલીયર સર્ટી રજુ કરવાનું રહેશે.

(૭) બીન અનામત વર્ગમાં અરજી કરનાર ઉમેદવારે રૂા.૩૦૦/–નો ડી.ડી. ચીફ ઓફીસર, હિંમતનગર નગરપાલિકાના નામનો રજુ કરવાનો રહેશે. અનુસુચિત જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પ.વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગ(EWS), મહિલાની કેટેગરીમાં અરજી કરનાર ઉમેદવારોને સરકારશ્રીના નિયમ મુજબ ફીમાંથી મુક્તિ આપેલ છે.

(૮) શૈક્ષણિક લાયકાત, જન્મ તારીખના પુરાવાઓ તથા અનુભવનું પ્રમાણપત્ર પ્રમાણિત કરી અરજી સાથે જોડવાના રહેશે તેમજ અરજી સાથે અલગથી પાસપોર્ટસાઈઝનો ૧–નંગ ફોટો રજુ કરવાનો રહેશે.

(૯) મે.નિયામકશ્રીના પરીપત્ર ક્રમાંક નં.નપાની/પુ.૧/વશી/૪૦૩૫/૨૦૦૪,તા.૩/૦૮/૨૦૦૪ થી પરીપત્ર કરાયેલ અમરેલી નગરપાલિકાના કિસ્સામાં સ્પે.સી.એ. નંબર–૫૭૪૬/ ૧૯૯૯માં નામ.હાઈકોર્ટના ચુકાદાને આધિન નગરપાલિકામાં કામ કરતાં કર્મચારીઓને ઉંમરમાં છુટછાટ મળવાપાત્ર રહેશે.

(૧૦) મે.પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરી,ગાંધીનગરના પત્ર નં.RCMGN/0131/09/2024 Dt-05-10-2024થી મંજુર કરેલ ભરતી–બઢતીના(સુધારેલા–૨૦૨૪)નિયમો મુજબ ભરતી પ્રક્રિયા કરવામાં આવશે.

(૧૧) ભરતી પ્રક્રિયા અંગેના અબાધિત અધિકારી પસંદગી સમિતિ હિંમતનગર નગરપાલિકાના રહેશે.

(૧૨) અરજદારોએ અરજી કવરના મથાળે જગ્યાનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

(૧૩) જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં અરજી રજીસ્ટર એ.ડી. અથવા સ્પીડ પોસ્ટ ધ્વારા મોકલવાની રહેશે. ત્યાર પછી આવેલ અરજી તેમજ એક કવરમાં બે અરજી મોકલેલ હશે તે બન્ને અરજી રદપાત્ર ગણાશે.

(૧૪) આ જાહેરાત પ્રસિધ્ધ થયા અગાઉની અરજીઓ તથા નિયત સમયમર્યાદા બાદ આવેલ અરજી તેમજ અપુરી વિગતો દર્શાવતી અરજીઓ માન્ય ગણવામાં આવશે નહિ.

(૧૫) અરજી મોકલવાનું સરનામું :– મે.ચીફ ઓફીસરશ્રી, હિંમતનગર નગરપાલિકા, ગોકુલનગર રેલ્વે ફાટક પાસે, ખેડ તસીયા રોડ, રીલાયન્સ મોલની બાજુમાં, હિંમતનગર, તા.હિંમતનગર, જિલ્લો–સાબરકાંઠા, પી.નં.૩૮૩૦૦૧ હિંમતનગર નગરપાલિકા ખાતે અરજી કરવાની રહેશે.

(૧૬) નિયત નમુનાના અરજી ફોર્મ નગરપાલિકા કચેરીના મહેકમ શાખામાંથી વિના મુલ્યે મેળવી લેવાના રહેશે. તથા ઈ–નગરની વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

**નોંધ :–** **તા.૨૭/૦૯/૨૦૨૨ના રોજ 'સંદેશ' અને 'દિવ્ય ભાસ્કર' દૈનિક પેપરની ઉત્તર ગુજરાત આવૃતિમાં જુદા–જુદા સંવર્ગની જગ્યાઓ ભરવા અરજીઓ મંગાવવામાં આવેલ હતી. જે આવેલ અરજીઓ પૈકી અ.નુ.૨,૪,૫,૬ની સંવર્ગની માન્ય–અમાન્ય કરેલ અરજીઓ છે તેની યાદી નગરપાલિકાના નોટીસ બોર્ડ/ઈનગર સાઈટ ઉપર પ્રસિધ્ધ કરેલ હોઈ માન્ય ઉમેદવારોએ ફરીથી અરજી કરવાની રહેશે નહી.**

ઉપેન્દ્ર પી.ગઢવી
પસંદગી સમિતિના સભ્ય સચિવ
અને
ચીફ ઓફીસર
હિંમતનગર નગરપાલિકા

જીનલબેન એચ.પટેલ
ચેરમેન
કારોબારી સમિતિ
હિંમતનગર નગરપાલિકા

વિમલભાઈ એ.ઉપાધ્યાય
પ્રમુખ
હિંમતનગર નગરપાલિકા